# Gratitude Day

# 16/03/2024

Managed by Arya Kanya Vidyalaya Trust

**Gurukul Mahila Arts and Commerce College**

At & Post : Tapobhumi, Arya Kanya Gurukul Campus, Jubilee, Bokhira Vistaar,
PORBANDAR– 360579 GUJ INDIA
Re-Accredited 'B' (CGPA 2.38) by NAAC
Phone : +91 286 2245561|+91 9374129126

# 16/03/2024: Farewell Programme














16/03/2024 Farewell Programme



# ગુરૂકુળ મહિલા કોલેજમાં યોજાયો વિદાય સમારોહ

## ત્રણ વર્ષ સુધી શિક્ષણની સાથે સંસ્કારોનું ભાથુ મેળવીને યુવતીઓ બની ભાવવિભોરઃ પ્રતિભાવ પણ આપ્યા

આજકાલ પ્રતિનિધિ

પોરબંદર

પોરબંદરની આર્યકન્યા ગુરૂકુળ મહિલા કોલેજમાં વિદાય સમારોહનું આયોજન કરવામાં આવ્યુ હતુ.

આઠ-આઠ દાયકાઓથી નારી શિક્ષણની જ્યોત જગાવતી આર્ય કન્યા વિદ્યાલય ટ્રસ્ટ સંચાલિત ગુરૂકુળ મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં પ્રાચાર્ય ડૉ. અનુપમભાઈ નાગર અને ઉપાચાર્યા પ્રો. રોહિણીબા જાડેજાના માર્ગદર્શન અને પ્રેરણાથી તૃતિય વર્ષમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓ માટે વિદાય સમારંભ યોજાયો. કાર્યક્રમની શરૂઆત સર્વધર્મ પ્રાર્થનાથી થઈ, ત્યારબાદ હિન્દી વિભાગના અધ્યક્ષા તેમજ ગીત સંગીત નૃત્ય ધારાના સભ્ય ડૉ. શાંતીબેન મોઢવાડિયાએ શાબ્દિક સ્વાગત કરેલું, ત્યારબાદ કોલેજની સ્ટુડન્ટ્સ કાઉન્સિલના પ્રેસિડેન્ટ, ટી.વાય.બી.એ. ઈંગ્લિશની વિદ્યાર્થીની મૈત્રેયી મેરે પોતાના પ્રતિભાવો રજૂ કરતા પોતાના ત્રણ વર્ષના અભ્યાસ દરમિયાનના અનુભવો વ્યક્ત કર્યા અને કોલેજ તથા ગુરૂજનો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરેલી. ત્યારબાદ ટી.વાય.બી.કોમ. અંગ્રેજી માધ્યમની વિદ્યાર્થીની હેત્વી થાનકીએ પોતાના પ્રતિભાવો રજૂ કરી કોલેજના ત્રણ વર્ષ દરમિયાનના સંસ્મરણો વાગોળ્યા અને ટી.વાય.બી.એ. હિન્દીની વિદ્યાર્થીની શિલ્પા ખાટા અને હેતલ રાઠોડએ વિદાય ગીતથી સૌને ભાવવિભોર કરેલ. ત્યારબાદ ટી.વાય.બી.એ. ઈંગ્લિશની વિદ્યાર્થીની વેદાંશી જોશીએ પોતાના પ્રતિભાવો રજૂ કરતા સૌ ગુરૂજનોનો આભાર માની આશીર્વાદ મેળવ્યા. પછી ટી.વાય.બી.કોમ. અંગ્રેજી માધ્યમની વિદ્યાર્થીની મનીષા હરિયાણીએ પોતાના શબ્દોમાં સ્વરચિત કવિતા રજૂ કરેલ. ત્યારબાદ ટી.વાય.બી.એ. અંગ્રેજીની વિદ્યાર્થીની રીના ઓડેદરાએ વિદાય ગીત 'વો દિન ભી ક્યા દિન થે' રજૂ કરેલ જે સાંભળી સૌ કોઈની આંખમાં વિદાયના અશ્રુ અને લાગણીના ઉભરાટો ઉભરાયેલ જોવા મળેલ. પછી એસ.વાય.બી.કોમ. ગુજરાતી માધ્યમની વિદ્યાર્થીની મંજુ શામળાએ તૃતીય વર્ષની વિદાય લઈ રહેલી તમામ મોટી બહેનો માટે શુભેચ્છા આપેલ અને તેઓ આવનારા ભવિષ્યમાં ગમે તે ક્ષેત્રે કારકિર્દી ઘડી કોલેજ અને માતા-પિતાનું નામ રોશન કરે તેવી શુભેચ્છા પાઠવેલ.

ત્યારબાદ ટી.વાય.બી.એ. ઈંગ્લિશની વિદ્યાર્થીની રેખા ઓડેદરાએ પોતાના ત્રણ વર્ષ દરમિયાનના પ્રતિભાવો અંગ્રેજીમાં રજૂ કરેલ. કાર્યક્રમના અંતિમ પડાવમાં હોમ સાયન્સ વિભાગના પ્રો. શોભનાબેન વાળાએ વિદાય થઈ રહેલ તૃતીય વર્ષની તમામ દીકરીઓને પોતાની આગવી શૈલીમાં આશીર્વાદ આપી આશીર્વચન પાઠવેલ અને અંતમાં હોમ સાયન્સ વિભાગના પ્રોફેસર ડૉ. નમ્રતાબેન સામાણીએ કાર્યક્રમની આભાર વિધિ કરી. કાર્યક્રમની પૂર્ણાહુતિ શાંતિપાઠથી કરેલ. કાર્યક્રમનું સુચારુ સંચાલન કોલેજના અંગ્રેજી વિભાગના વ્યાખ્યાતા પ્રો. અદિતિબેન દવેએ કરેલ. આ કાર્યક્રમને સફળ બનાવવા કોલેજના ઉપાચાર્યા, હોમ સાયન્સ વિભાગના અધ્યક્ષા અને ગીત સંગીત નૃત્ય ધારાના કો-ઓર્ડિનેટર પ્રો. રોહિણીબા જાડેજા તેમજ સભ્યો ડૉ. શાંતિ બેન મોઢવાડિયા પ્રો. શોભનાબેન વાળા, ડૉ. નમ્રતાબેન સામાણી, પ્રો. અદિતીબેન દવે તેમજ પ્રતિનિધિ વિદ્યાર્થીનીઓએ જહેમત ઉઠાવી હતી.



પોરબંદરની ગુરૂકુળ મહિલા કોલેજમાં વિદાય સમારંભ યોજાયો તેની તસ્વીર (તસ્વીરઃ જિજ્ઞેશ પોપટ)